# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2020-21 માટે**

**ધોરણ-12 : નામાનાં મૂળતત્ત્વો (154) (સામાન્ય પ્રવાહ)**

**વાર્ષિક પરીક્ષા**

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું પરિરૂપ** **કુલ ગુણ : 100**

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | સંયોજન / કૌશલ્ય (S) | કુલ ગુણ |
|---|---|---|---|---|---|
| ગુણ | 35 | 30 | 25 | 10 | 100 |
| ટકા | 35% | 30% | 25% | 10% | 100% |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વગર | જનરલ વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 15 | 15 | 15 |
| 2. | અતિ ટૂંક જવાબી પ્રશ્નો (VSA) | 15 | 15 | 15 |
| 3. | ટૂંક જવાબી પ્રશ્નો (SA) | 07 | 11 | 24 |
| 4. | લાંબા પ્રશ્નો (LA) | 05 | 07 | 46 |
| | કુલ | **42** | **48** | **100** |

**પ્રકરણદીઠ ગુણભાર :**

| ક્રમ | પાઠ / પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણભાર | |
|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વગર | જનરલ વિકલ્પ સાથે |
| | **ભાગ -1** | | |
| 1 | ભાગીદારી : વિષય પ્રવેશ | 05 | 08 |
| 2 | ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો | 11 | 11 |
| 3 | પાઘડીનું મૂલ્યાંકન | 07 | 11 |
| 4 | ભાગીદારીનું પુનર્ગઠન | 05 | 05 |
| 5 | ભાગીદારનો પ્રવેશ | 10 | 10 |
| 6 | ભાગીદારની નિવૃત્તિ / મૃત્યુ | 10 | 18 |
| 7 | ભાગીદારી પેઢીનું વિસર્જન | 07 | 10 |
| | **ભાગ -2** | | |
| 1 | શેરમૂડીના હિસાબો | 10 | 18 |
| 2 | ડિબેન્ચરના હિસાબો | 06 | 06 |
| 3 | કંપનીના વાર્ષિક હિસાબો | 11 | 11 |
| 4 | નાણાકીય પત્રકોનું વિશ્લેષણ | 06 | 06 |
| 5 | હિસાબી ગુણોત્તરો અને વિશ્લેષણ | 08 | 08 |
| 6 | રોકડ પ્રવાહ પત્રક | 04 | 08 |
| | **કુલ** | **100** | **130** |

**નોંધ :** જનરલ વિકલ્પ સાથે દર્શાવેલ પ્રશ્નના ગુણ નમૂનાના પ્રશ્નપત્ર પ્રમાણે દર્શાવેલ છે. અન્ય પ્રશ્નપત્ર માટે આ ગુણ અલગ હોઈ શકે છે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2020-21 માટે**

**ધોરણ-12 : નામાનાં મૂળતત્ત્વો (154) (સામાન્ય પ્રવાહ)**

**વાર્ષિક પરીક્ષા**

**પ્રશ્નપત્રનું માળખું**

**સમય : 3 કલાક** **કુલ ગુણ : 100**

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| 1 થી 15 | **વિભાગ-A** નીચે આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 15 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલ 4 (ચાર) વિકલ્પ (A, B, C, D) પૈકી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. (દરેક પ્રશ્નનો 1 ગુણ) | **15** |
| 16 થી 30 | **વિભાગ-B** નીચે આપેલા પ્રશ્નક્રમાંક 16 થી 30 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. (દરેક પ્રશ્નનો 1 ગુણ) | **15** |
| 31 થી 36 | **વિભાગ-C** નીચે આપેલા પ્રશ્નક્રમાંક 31 થી 36 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 4 (ચાર) પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (દરેક પ્રશ્નના 3 ગુણ છે.) | **12** |
| 37 થી 41 | **વિભાગ-D** નીચે આપેલા પ્રશ્નક્રમાંક 37 થી 41 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 3 (ત્રણ) પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (દરેક પ્રશ્નના 4 ગુણ છે.) | **12** |
| 42 થી 46 | **વિભાગ-E** નીચે આપેલા પ્રશ્નક્રમાંક 42 થી 46 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 3 (ત્રણ) પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (દરેક પ્રશ્નના 8 ગુણ છે.) | **24** |
| 47 થી 48 | **વિભાગ-F** નીચે આપેલા પ્રશ્નક્રમાંક 47 થી 48 સુધીના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (દરેક પ્રશ્નના 11 ગુણ છે.) | **22** |
| | **કુલ ગુણ** | **100** |

**નોંધ :** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ 2020-21 માટે અભ્યાસક્રમના રદ કરેલા પ્રકરણ/મુદ્દાઓમાંથી પ્રશ્નો પૂછવા નહિ.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2020-21 માટે**

**ધોરણ-12 : નામાનાં મૂળતત્ત્વો (154) (સામાન્ય પ્રવાહ)**

**વાર્ષિક પરીક્ષા**

**સમય : 3 કલાક** **નમૂનાનું પ્રશ્નપત્ર** **કુલ ગુણ : 100**

**સૂચનાઓ:**

i. આ પ્રશ્નપત્રમાં કુલ 6 વિભાગ છે.

ii. ફૂટપટ્ટી તેમજ પેન્સિલનો ઉપયોગ જરૂરી છે.

iii. ગણના માટે સાદા કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી શકાશે.

## વિભાગ: A

- **નીચેના પ્રશ્નોમાં આપેલા વિકલ્પો પૈકી સાચો વિકલ્પ શોધી તેનો જવાબ લખો. (દરેકનો 1 ગુણ)** **[15]**

1. ભાગીદારના ચાલુ ખાતાંની ઉધાર બાકીનું વ્યાજ પેઢી માટે શું ગણાય?
   (A) ખર્ચ (B) દેવું (C) આવક (D) નુકસાન
2. પાઘડી એ ........... નું નાણાકીય મૂલ્ય છે.
   (A) રોકાણો (B) ધંધાકીય એકમની પ્રતિષ્ઠા
   (C) કાયમી મિલકતો (D) હરીફાઈ
3. પુનઃમૂલ્યાંકન ખાતાંને .......... તરીકે પણ ઓળખવામાં આવે છે.
   (A) મૂડી અનામત ખાતાં (B) નફા - નુકસાન ફાળવણી ખાતાં
   (C) નફા - નુકસાન હવાલા ખાતાં (D) નફા - નુકસાન ખાતાં
4. જ્યારે ફક્ત નફા-નુકસાનનું જૂનું પ્રમાણ જ આપેલ હોય ત્યારે જૂના ભાગીદારોનું ત્યાગનું પ્રમાણ .............
   (A) સરખા હિસ્સે (B) જૂનું પ્રમાણ .
   (C) જૂનો ભાગ - નવો ભાગ (D) શોધી શકાય નહિ
5. શ્વેતા, ગીતા અને જ્યોતિ સરખા હિસ્સે નફો - નુકસાન વહેંચતા ભાગીદારો છે. ગીતા નિવૃત્ત થાય છે. ગીતાનો ભાગ શ્વેતા અને જ્યોતિને સરખે હિસ્સે મળે છે, તો શ્વેતા અને જ્યોતિનું નવું નફા - નુકસાનનું પ્રમાણ ................ થશે.
   (A) 3:1 (B) 2:1 (C) 1:2 (D) 1:1
6. વિસર્જન સમયે ભાગીદારી પેઢીની મિલકતો અને જવાબદારીઓની હિસાબી અસર આપવા માટે તૈયાર કરવામાં આવતું ખાતું .............
   (A) નફા - નુકસાન ખાતું (B) નફા - નુકસાન ફાળવણી ખાતું
   (C) પુનઃમૂલ્યાંકન ખાતું (D) સંપાદન ખાતું
7. પેઢીના વિસર્જન સમયે પાકા સરવૈયામાં દેવાદારો ₹ 24,500 અને ઘાલખાધ અનામત ₹2,500 હોય, તો માલ - મિલકત નિકાલ ખાતે જમા બાજુએ કઈ રકમ લખશો ?
   (A) ₹ 24,500 (B) ₹ 2500
   (C) ₹ 22,000 (D) ₹ 27,000
8. હાલના કંપનીધારાના નિયમ પ્રમાણે કંપની શૅરદીઠ ઓછામાં ઓછી કેટલી કિંમતે તેના શૅર બહાર પાડી શકે ?

(A) ₹ 100 (B) ₹ 1000 (C) ₹ 1 (D) ₹ 0.50

9. ડિબેન્ચર કેટલા ટકા વટાવથી બહાર પાડી શકાય છે ?
   (A) 10 ટકા (B) 5 ટકા
   (C) 20 ટકા (D) બોર્ડ ઑફ ડિરેક્ટર્સ દ્વારા નક્કી કરેલ દરે
10. ડિબેન્ચર પ્રીમિયમથી બહાર પાડતાં મળેલ પ્રીમિયમની રકમ .............. છે.
    (A) મહેસૂલી નફો (B) મૂડી નુકસાન (C) મહેસૂલી નુકસાન (D) મૂડી નફો
11. નીચેનામાંથી ક્યું વિશ્લેષણ પક્ષકારો આધારિત વર્ગીકરણ દર્શાવે છે ?
    (A) બાહ્ય વિશ્લેષણ (B) આડું વિશ્લેષણ
    (C) ટૂંકા ગાળાનું વિશ્લેષણ (D) ઊભું વિશ્લેષણ
12. ગુણોત્તરોની રજૂઆત ક્યા સ્વરૂપે થાય છે ?
    (A) પ્રમાણના સ્વરૂપે (B) ટકાવારીના સ્વરૂપે (C) સમયના સ્વરૂપે (D) ઉપરના બધા
13. પ્રવાહી ગુણોત્તર એ .............
    (A) સધ્ધરતાનું માપ દર્શાવે છે. (B) ટૂંકા ગાળાની નફાકારકતાનું માપ છે.
    (C) નફાકારકતાનું માપ છે. (D) તરલતાનું માપ છે.
14. રોકડ પ્રવાહ પત્રકમાં કેટલી પ્રવૃત્તિઓ હોય છે ?
    (A) પાંચ (B) ચાર (C) ત્રણ (D) બે
15. રોકડ બૅન્કમાં ભરીએ તે ...........
    (A) કામગીરીની પ્રવૃત્તિનો જાવક રોકડ પ્રવાહ છે. (B) નાણાકીય પ્રવૃત્તિનો જાવક રોકડ પ્રવાહ છે.
    (C) રોકાણની પ્રવૃત્તિનો જાવક રોકડ પ્રવાહ છે. (D) રોકડ પ્રવાહ નથી.

## વિભાગ : B

● **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. (દરેકનો 1 ગુણ)** **[15]**

16. ભાગીદારી કરારનામું એ પેઢીનું શું ગણાય ?
17. પાઘડી એ કેવા પ્રકારની મિલકત છે ?
18. અધિક નફો એટલે શું ?
19. ભાગીદારી પેઢીનું પુનર્ગઠન એટલે શું ?
20. નવા ભાગીદારને ક્યા હેતુસર પેઢીમાં દાખલ કરવામાં આવે છે ?
21. ભાગીદારની નિવૃત્તિના સંજોગો જણાવો.
22. ભાગીદારી પેઢીનું વિસર્જન એટલે શું?
23. પેઢીના વિસર્જન સમયે પાકા સરવૈયામાં દર્શાવેલ પ્રોવિડન્ટ ફંડનો બાકીનો નિકાલ કેવી રીતે કરશો ?
24. જામીનગીરી પ્રીમિયમ એટલે શું ?
25. ડિબેન્ચરહોલ્ડર કોને કહેવાય ?
26. સમયના આધારે નાણાકીય વિશ્લેષણના પ્રકારો જણાવો.
27. ગુણોત્તર એટલે શું ?
28. કાચા નફાનો અને ચોખ્ખા નફાનો ગુણોત્તર ઊપજ આધારિત કે ખર્ચ આધારિત ગુણોત્તર છે ?
29. રોકડ પ્રવાહ પત્રક એટલે શું ?
30. રોકાણની પ્રવૃત્તિઓ એટલે શું ?

## વિભાગ: C

- **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. (કોઈપણ ચાર) (દરેકના 3 ગુણ)** **[12]**

31. શીલા, સુરભિ અને સીમા 5:7:9 ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા ભાગીદારો છે. મૅનેજર સંકેતને તેનું કમિશન બાદ કર્યા પછી વધતા નફા પર 10 % કમિશન આપવાનું છે. સુરભિને ₹ 7,000 નફો મળે છે. મૅનેજર સંકેતના કમિશનની ગણતરી કરો. આ ઉપરાંત મૅનેજરના કમિશન પહેલાંના નફાની ગણતરી કરો.
32. મુકેશ, ધવલ અને વિનોદ એક પેઢીના ભાગીદારો છે. તેઓની મૂડીનું પ્રમાણ 4 :2 : 3 છે. મુકેશને નફામાંથી ઓછામાં ઓછા ₹ 35,000 મળશે જ એવી ખાતરી ધવલ અને વિનોદે આપી છે. પેઢીનો વર્ષનો નફો ₹ 90,000 થયો હોય, તો ભાગીદારો વચ્ચે નફાની વહેંચણી કેવી રીતે થશે ?
33. રાજુ, હસુ અને સંજુ એક પેઢીના ભાગીદારો છે. તેમની વચ્ચે નફાની વહેંચણીનું પ્રમાણ 5:4:3નું છે. બધા જ ભાગીદારોએ મળીને નફા-નુકસાનની વહેંચણીનું પ્રમાણ બદલીને નવું પ્રમાણ 2:2:1નું નક્કી કર્યું છે. આ માહિતી પરથી લાભનું પ્રમાણ શોધો.
34. ભાગીદારી પેઢીના વિસર્જન સમયે પાકા સરવૈયામાં દર્શાવેલ નીચેની બાકીઓનો નિકાલ કેવી રીતે કરશો? સમજાવો.
    (i) સામાન્ય અનામત (ii) કારીગર અકસ્માત વળતર ભંડોળ
    (iii) નફા - નુકસાન ખાતાની ઉધાર બાકી
35. નીચેના વ્યવહારની પેઢીના વિસર્જનના સંજોગોમાં થતી આમનોંધ લખો.
    i. વિસર્જન સમયે પાકા સરવૈયામાં જમીન-મકાન ₹ 8,00,000 અને રોકાણો ₹ 2,00,000 દર્શાવેલ છે. તેના અનુક્રમે ₹ 9,00,000 અને ₹ 1,50,000 ઊપજ્યા.
    ii. પેઢીની કુલ મિલકતો ₹ 2,00,000 છે, જે પૈકી ચાલુ મિલકતો 40% છે (રોકડ ₹ 10,000 સહિત). ચોપડે મૂલ્યની ઊપજ થઈ.
    iii. આવકવેરાની જવાબદારી ₹ 30,000 ચૂકવવાની થઈ. જે ચોપડે નોંધેલ નથી. જે ચૂકવી આપી.
36. સત્યમ લિમિટેડે તા. 1-7-2020 ના રોજ ₹100 નો એક એવા 8 ટકાના 12,000 ડિબેન્ચર મૂળકિંમતે બહાર પાડ્યા. જે તા. 30-6-2026 ના રોજ ડિબેન્ચર દીઠ ₹ 115 ની કિંમતે પરત કરવાના છે.
    કંપનીના ચોપડે ડિબેન્ચર બહાર પાડતી વખતની અને પરત કરતી વખતની જરૂરી આમનોંધ લખો.
    (બા.જે.વગર)

## વિભાગ: D

- **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો: (કોઈ પણ ત્રણ) (દરેકના 4 ગુણ)** **[12]**

37. પૂજા અને પ્રાર્થનાની પેઢીની મૂડી ₹ 8,00,000 છે અને અપેક્ષિત વળતરનો દર 12 % છે. છેલ્લાં ત્રણ વર્ષનો નફો અનુક્રમે ₹ 1,00,000, ₹ 1,40,000 અને ₹ 90,000 છે. પાઘડીનું મૂલ્ય છેલ્લાં ત્રણ વર્ષના સરેરાશ અધિક નફાના 2 વર્ષની ખરીદીને આધારે નક્કી કરવાનું છે.
38. નીચેની માહિતી પરથી દિત્વી અને શાર્વીની ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત છેલ્લાં પાંચ વર્ષના ભારિત સરેરાશની ત્રણ વર્ષની ખરીદીને આધારે નક્કી કરો.

| વર્ષ | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|---|
| નફો (₹) | 40,000 | 60,000 | 75,000 | 90,000 | 1,20,000 |

39. બ્રાઈટ ઈન્ડિયા લિમિટેડનાં તા. 31-3-2019 અને 31-3-2020 નાં રોજ પૂરા થતાં વર્ષનાં નફા-નુકસાનનાં પત્રકો નીચે પ્રમાણે આપવામાં આવેલાં છે. તેના આધારે તુલનાત્મક નફા-નુકસાનનું પત્રક બનાવો.

તા. 31-3-2019 અને 31-3-2020 નાં રોજ પૂરા થતાં વર્ષનાં નફા-નુકસાનનાં પત્રકો

| વિગતો | નોંધ નંબર | 31-3-2020 (₹ માં) | 31-3-2019 (₹ માં) |
|---|---|---|---|
| વેચાણની ઊપજો | | 16,00,000 | 14,00,000 |
| અન્ય આવકો | | 3,00,000 | 2,50,000 |
| ખર્ચાઓ | | 9,60,000 | 7,20,000 |
| આવકવેરાનો દર 30% હતો. | | | |

40. (i) "ઝેડ" કંપનીની નીચે આપવામાં આવેલ માહિતીના આધારે કાચા નફાનો ગુણોત્તર શોધો.
વેચાણ ₹ 6,00,000
વેચેલ માલની પડતર ₹ 5,00,000

(ii) "એચ.એન" કંપની લિ. ની નીચે આપેલ વિગતોના આધારે સ્ટૉક ઉથલો શોધો.
વેચાણ ₹ 25,00,000
શરૂનો સ્ટૉક ₹ 4,00,000
કાચો નફો ₹ 4,00,000
આખરનો સ્ટૉક ₹ 3,00,000

41. નિરાલી કંપની લિમિટેડની નીચે આપેલ વિગતોના આધારે રોકાણની પ્રવૃત્તિનો રોકડ પ્રવાહ શોધો.

| વિગત | (₹) | વિગત | (₹) |
|---|---|---|---|
| યંત્રોની શરૂઆતની બાકી | 4,50,000 | યંત્રો પર ગણેલ ઘસારો | 50,000 |
| યંત્રોની આખર બાકી | 4,00,000 | યંત્રની વેચાણ કિંમત | 15,000 |
| વર્ષ દરમિયાન વેચેલ યંત્રની ચોપડે કિંમત | 25,000 | | |

**વિભાગ: E**

- **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો: (કોઈ પણ ત્રણ) (દરેકના 8 ગુણ)** **[24]**

42. ભવ્ય અને શ્લોક 3 : 2 ના પ્રમાણમાં નફા-નુકસાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે.
તા. 31-3-2020 ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું:

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| મૂડી: | | | પાઘડી | | 1,00,000 |
| ભવ્ય | 4,00,000 | | જમીન-મકાન | | 3,50,000 |
| શ્લોક | 3,00,000 | 7,00,000 | યંત્રો | | 2,00,000 |
| સામાન્ય અનામત | | 90,000 | સ્ટૉક | | 1,80,000 |
| કારીગર વળતર અનામત | | 20,000 | દેવાદારો | 1,20,000 | |
| રોકાણ અનામત | | 10,000 | - ઘાલખાધ અનામત | 10,000 | 1,10,000 |
| લેણદારો | | 1,40,000 | રોકાણો | | 20,000 |
| દેવીહૂંડી | | 60,000 | રોકડ-બૅન્ક | | 50,000 |
| | | | જાહેરાત ઝુંબેશ ખર્ચ | | 10,000 |
| | | **10,20,000** | | | **10,20,000** |

તેઓએ તા. 1-4-2020 થી આયુષને નવા ભાગીદાર તરીકે નીચેની શરતોએ દાખલ કરવાનું નકકી કર્યું.

(1) આયુષ ₹ 5,00,000 મૂડી તરીકે અને ₹ 1,00,000 પાઘડી પેટે રોકડા લાવશે.

(2) જમીન-મકાનની કિંમત ₹ 80,000 થી વધારવી.

(3) યંત્રોની કિંમત ₹ 1,60,000 સુધી ઘટાડવી.

(4) દેવાદારો પર 10 % ઘાલખાધ અનામત રાખવી.

(5) નહિ ચૂકવેલ સમારકામ ખર્ચ માટે ₹ 8,000ની જોગવાઈ કરવી.

(6) ત્રણેય ભાગીદારોનું નવું નફા-નુકસાનનું પ્રમાણ 2:1:2 રાખવું.

ઉપરની વિગતો પરથી પુનઃમૂલ્યાંકન ખાતું, ભાગીદારોનાં મૂડી ખાતાં, રોકડ-બૅન્ક ખાતું અને પ્રવેશ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

43. વિજય, લક્ષ્મી અને સિદ્ધિ એક પેઢીના 5 : 3 : 2 ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 1-4-2020 ના રોજ સિદ્ધિ નિવૃત્ત થાય છે. તા. 31-3-2020ના રોજનું તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ(₹) | મિલકત-લેણાં | | રકમ(₹) |
|---|---|---|---|---|---|
| મૂડી ખાતાં | | | જમીન-મકાન | | 1,30,000 |
| વિજય | 85,000 | | યંત્રો | | 70,000 |
| લક્ષ્મી | 64,000 | | રોકાણો | | 60,000 |
| સિદ્ધિ | 71,000 | 2,20,000 | સ્ટૉક | | 35,000 |
| રોકાણ વધઘટ ભંડોળ | | 15,000 | દેવાદારો | 23,000 | |
| કામદાર વળતર ભંડોળ | | 17,000 | -ઘાલખાધ અનામત | 4,000 | 19,000 |
| લેણદારો | | 56,000 | રોકડ | | 36,000 |
| પ્રોવિડન્ટ ફંડ | | 42,000 | | | |
| | | **3,50,000** | | | **3,50,000** |

નિવૃત્તિની શરતો નીચે મુજબ છે:

(1) વિજય અને લક્ષ્મીનું નવું નફા-નુકસાનનું પ્રમાણ 2 : 3 રાખવું.

(2) પેઢીની પાઘડીનું મૂલ્યાંકન ₹ 60,000 કરવું.

(3) રોકાણોની બજારકિંમત ₹ 40,000 છે, જે કિંમતથી રોકાણો સિદ્ધિ લઈ જશે.

(4) દેવાદારોમાંથી ₹ 3,000 ઘાલખાધ માંડી વાળવી અને 5% ઘાલખાધ અનામત રાખવી.

(5) ચોપડે દર્શાવેલ સ્ટૉકની કિંમત તેની પડતર કરતાં ₹ 1,000 થી વધારે આંકવામાં આવેલ છે.

(6) કામદાર વળતરનો ₹ 7,000 નો દાવો મંજૂર કર્યો.

(7) સિદ્ધિને ₹ 12,000 રોકડા ચૂકવવા.

જરૂરી ખાતાં તૈયાર કરી નિવૃત્તિ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો:

44. તા. 31-3-2020 ના રોજ X, Y અને Z નું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|
| મૂડી ખાતાં: | | | | પાઘડી | | 40,000 |
| | X | 2,00,000 | | જમીન-મકાન | | 1,99,000 |
| | Y | 1,20,000 | | યંત્ર | | 1,80,000 |
| | Z | 1,00,000 | 4,20,000 | સ્ટૉક | | 50,000 |
| સામાન્ય અનામત | | | 40,000 | દેવાદારો | 70,000 | |
| ભાગીદારોની લોનઃ | | | | - ઘાલખાધ અનામત | 5,000 | 65,000 |
| | Y | 20,000 | | બૅન્કસિલક | | 30,000 |
| | Z | 30,000 | 50,000 | જાહેરાત ઝુંબેશ ખર્ચ | | 16,000 |
| લેણદારો | | | 80,000 | નફા-નુકસાન ખાતું | | 20,000 |
| કામદાર વળતર અનામત | | | 10,000 | | | |
| | | | **6,00,000** | | | **6,00,000** |

X, Y અને Z 3:3:2 ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતાભાગીદારો હતા.
તા. 1-4-2020 ના રોજ Y નિવૃત્ત થાય છે. નિવૃત્તિની શરતો નીચે મુજબ હતીઃ

(1) જમીન અને મકાનની કિંમત ₹ 2,20,000 ગણવી.
(2) યંત્રોની કિંમત ₹ 30,000 થી ઘટાડવી.
(3) દેવાદારો પર 10 % ઘાલખાધ અનામત રાખવી.
(4) કામદાર વળતર પેટે ₹ 15,000 નો દાવો મંજૂર રાખ્યો.
(5) પેઢીની પાઘડીનું મૂલ્ય ₹ 1,60,000 ગણવું. Y ના ભાગની પાઘડીનો હવાલો X અને Z ના મૂડી ખાતે નાખવો.
(6) X અને Z નું નફા-નુકસાનનું નવું પ્રમાણ 1:1 રાખવું. ઉપરની માહિતી પરથી પુનઃમૂલ્યાંકન ખાતું, ભાગીદારોનાં મૂડી ખાતાં અને નિવૃત્તિ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

45. ધ્યાની સિરામિક લિમિટેડે ₹ 10 નો એક એવા 3,00,000 ઈક્વિટી શૅર, શૅરદીઠ ₹ 150 ના પ્રીમિયમે બહાર પાડ્યા. શૅરદીઠ નીચે મુજબ રકમ મંગાવવામાં આવી હતીઃ
અરજી વખતે શૅરદીઠ ₹ 74 (₹ 70 ના પ્રીમિયમ સહિત)
મંજૂરી વખતે શૅરદીઠ ₹ 44 અને (₹ 40ના પ્રીમિયમ સહિત)
આખરી હપ્તા વખતે શૅરદીઠ ₹ 42 (₹ 40ના પ્રીમિયમ સહિત)

કંપનીને 3,00,000 શૅરની અરજીઓ મળી હતી. વિશાલે ધારણ કરેલા 2000 શૅર પર આખરી હપ્તાની રકમ સિવાય બધા શૅર પર પૂરેપૂરી રકમ મળી ગઈ હતી. કંપનીએ યોગ્ય કાર્યવાહી કર્યા બાદ વિશાલના શૅર જપ્ત કર્યા અને તે શૅર, શૅરદીઠ ₹ 80 લેખે અવનિને પૂરા ભરપાઈ થયેલા તરીકે ફરી વેચ્યા.

ઉપરના વ્યવહારોની કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો.

46. નીચે આપેલી વિગતો પરથી કંપનીના ચોપડે શૅર જપ્તી અંગેની તેમજ જપ્ત થયેલા શૅર ફરી બહાર પાડવાની આમનોંધ લખો.

(i) ₹10 નો એક એવા 800 ઈક્વિટી શૅર ધારણ કરનાર એક શૅરહોલ્ડરે મંજૂરીના શૅરદીઠ ₹4 તથા હપ્તાના

શૅરદીઠ ₹ 3 નહિ ચૂકવતાં કંપનીએ તેના શૅર જપ્ત કર્યા. શૅરહોલ્ડરે અરજી સમયે શૅરદીઠ ₹ 3 ભરેલા છે. જપ્ત થયેલા શૅર, શૅરદીઠ ₹8 લેખે ફરી બહાર પાડવામાં આવ્યા.

(ii) આર.કે. કંપની લિમિટેડે સુનીલના દરેક ₹10 નો એક એવા 600 શૅર જપ્ત કર્યા હતા. સુનીલે શૅર અરજી તથા મંજૂરી પેટે દરેક શૅરદીઠ ₹ 5 ભર્યા હતા, જ્યારે પ્રથમ હપ્તાના અને બીજા હપ્તાના અનુક્રમે શૅરદીઠ ₹ 3 અને ₹ 2 ભર્યા ન હતા. તેમાંથી 400 શૅર દરેક શૅરદીઠ ₹ 6 ના ભાવથી મિત્તલને ફરી વહેંચ્યા હતા.

(iii) ₹10 નો એક એવા 3000 ઈક્વિટી શૅર ધારણ કરનાર એક શૅરહોલ્ડરે અરજી વખતે શૅરદીઠ ₹13 (₹10 ના પ્રીમિયમ સહિત) અને મંજૂરી વખતે શૅરદીઠ ₹13 (₹10 ના પ્રીમિયમ સહિત) ચૂકવેલ છે, જ્યારે હપ્તાના શૅરદીઠ ₹ 4 ન ચૂકવવાથી કંપનીએ તેના શૅર જપ્ત કર્યા. જપ્ત થયેલા શૅર, શૅરદીઠ ₹ 7 લેખે ફરી બહાર પાડ્યા.

## વિભાગ: F

- **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો: (દરેકના 11 ગુણ)** **[22]**

47. ધર્મ અને કર્મ મૂડીના પ્રમાણમાં એક ભાગીદારી પેઢીના નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. નીચેની માહિતી પરથી વાર્ષિક હિસાબો તૈયાર કરો:

**ધર્મ અને કર્મની ભાગીદારી પેઢીનું તા. 31-3-20 ના રોજનું કાચું સરવૈયું**

| ઉધાર બાકીઓ | રકમ (₹) | જમા બાકીઓ | રકમ (₹) |
|---|---|---|---|
| ઉપાડ: | | મૂડી ખાતા: | |
| ધર્મ | 7,500 | ધર્મ | 1,40,000 |
| કર્મ | 5,000 | કર્મ | 1,20,000 |
| શરૂઆતનો સ્ટૉક | 15,000 | વેચાણ | 1,20,000 |
| ખરીદી | 80,000 | માલપરત ઉધાર | 2,000 |
| માલપરત જમા | 3,000 | દેવું | 79,000 |
| લેણું | 27,400 | મજૂરીનાં બાકી દેવાં | 700 |
| પગાર (તા. 28-2-20 સુધી) | 13,200 | ધર્મની લોન | 30,000 |
| યંત્રો | 71,760 | મળેલ વટાવ | 6,600 |
| યંત્રો પર ઘસારો | 6,240 | બૅન્ક ઑવરડ્રાફ્ટ | 2,800 |
| મકાન | 80,000 | ચાલુ ખાતુ: કર્મ | 14,000 |
| મજૂરી | 1,600 | | |
| વીમા-પ્રીમિયમ | 1,800 | | |
| આપેલ વટાવ | 3,200 | | |
| લોન પર વ્યાજ | 1,200 | | |
| ફર્નિચર | 87,000 | | |
| સ્ટેશનરી ખર્ચ | 7,000 | | |
| જાહેરાત ખર્ચ | 36,000 | | |
| રોકડ સિલક | 51,200 | | |
| ચાલુ ખાતુ: ધર્મ | 17,000 | | |
| | **5,15,100** | | **5,15,100** |

હવાલાઓ :

(1) આખરસ્ટૉક ₹ 21,000 છે, જેમાં સ્ટેશનરી સ્ટૉક ₹ 2,000 સમાયેલ છે.

(2) યંત્રો પર ઘસારાનો દર વધારીને 10 % કરવાનો છે.

(3) ₹ 1,000નું ઉધાર વેચાણ ભૂલથી ખરીદપરત નોંધમાં નોંધાયું છે.

(4) જાહેરાત ખર્ચનો $\frac{1}{4}$ ભાગ આવતા વર્ષ ખાતે લઈ જવાનો છે.

48. તા. 31-3-2020 ના રોજનું શિવમ લિમિટેડનું કાચું સરવૈયું નીચે મુજબ છે:

| વિગત | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|
| માલસામગ્રી | 1,10,000 | |
| કાયમી મિલકતો-દૃશ્ય | 8,00,000 | |
| 5000 ઈક્વિટી શૅર દરેક 100 નો તેવા | | 5,00,000 |
| વેચાણ | | 7,50,000 |
| અન્ય ઊપજ | | 20,000 |
| કર્મચારી લાભના ખર્ચા | 1,30,000 | |
| લાંબા ગાળાનાં ઉછીના નાણાં | | 3,50,000 |
| નાણાકીય પડતર | 17,500 | |
| વેપારી દેવાં | | 1,00,000 |
| વેપારી લેણાં | 40,000 | |
| રોકડ અને બૅન્કસિલક | 60,000 | |
| ઘસારો | 22,500 | |
| વેચેલ માલની પડતર | 4,00,000 | |
| બિનચાલુ રોકાણો | 1,40,000 | |
| | 17,20,000 | 17,20,000 |

વધારાની માહિતી : કરવેરાની જોગવાઈ ₹ 80,000 કરો.

કંપનીધારા 2013 ના પરિશિષ્ટ III મુજબ કંપનીના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

****